વંચાણે લીધા ૧. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૨૯.૦૧.૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક
કઅસ-૧૦૨૦૦૩-એમ.પી.-૨-ક-૫

## કાર્યાલય આદેશ

ગુજરાત રાજ્યના ખેતીવાડી ખાતા હસ્તક ના. સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ ખેડૂતોને સહાયિત દરે સુધારેલ ખેત ઓજાર/સાધનનું વિતરણ કરવા માટે આમુખ - ૧ થી ખેતી નિયામકશ્રીને સુધારેલ ખેત ઓજાર/ સાધનના ઉત્પાદકોની માન્યતા યાદી તૈયાર કરવા અધિકૃત કરેલ છે.

ખાતાની માન્યતા પધ્ધતિ હેઠળ બેટરી સંચાલિત નેપસેક સ્પ્રેયરની માન્યતા મેળવવા મે. આદિત્ય એગ્રીટેક કમ્પની, ડીસા જિ. બનાસકાઠા તરફથી ખાતાના નિયત અરજી ફોર્મમાં જરૂરી વિગત ભરી સાધનિક આધાર પુરાવા સાથે અરજી મળેલ છે. આ માન્યતા માટે ખાતાના અરજી ફોર્મમાં જણાવેલ સાધનિક આધાર-પુરાવા અને ભારત સરકરશ્રીના માન્ય ટેસ્ટીંગ સેંટર TTCFM, CAET, JAU, Junagadh દ્વારા નીચે દર્શાવેલ સાધનની થયેલ ચકાસણીના અહેવાલ આધારિત ખાતાએ સૂચવેલ, તે મુજબ જે તે સુધારા તથા માર્કીંગ કરેલ છે. આથી તેઓના સદર સાધનને ના. સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ સહાયિત દરે વિતરણ કરવા માટે માન્યતા આપવામાં આવે છે.

| અ. નં. | ખેત ઓજાર/ સાધનનું નામ | ખેત ઓજાર/સાધનની ટૂંકી વિગત |
|---|---|---|
| ૧ | બેટરી સંચાલિત નેપસેક સ્પ્રેયર (HX-16D12AH) | ચીન આયાતી બેટરી સંચાલિત નેપસેક સ્પ્રેયર, ૧૬.૪ લીટર પ્લાસ્ટીક ટેંક, ૧૨V, ૧૨ AH લીડ એસીડ રીચર્જેબલ બેટરી, ૧૨ V, 3 Amp., ૪ lpm flow ડાયાફ્રામ પમ્પ, એંજિનીયરીંગ પ્લાસ્ટીક હોસ નટ & નીપલ, ૬ ø X ૧૨૫૦ મીમી ડીલેવરી પીવીસી હોસ, ફોર્મ પ્લાસ્ટીક કુશન, ૮૯૦X૩૮ મીમી સ્ટ્રેપ, ટ્રીગર ટાઈપ-એ કટ ઓફ ડીવાઈસ, ૧૧૦ મીમી ટ્રીગર, ગોસનેક ટાઈપ-બી ૨ પીસ એસ.એસ. ૫૨૦-૯૦૦ મીમી સ્પ્રે લાંસ, હોલોકોન ૮ હોલ ૧ નોઝલ, ૧૭૩૦ ml/min ડીસ્ચાર્જ, ૩૩૫X૨૩૫X૧૦ મીમી બેક રેસ્ટ કુશન, વજન–૫.૮૯ Kg<br>Test Report No. TTCFMJ/D/121/583 February -2018 |

આ માન્યતા કાર્યાલય આદેશ બહાર પડ્યાની તારીખથી અમલમાં ગણાશે. તેમજ માન્યતા પ્રાપ્ત ઉત્પાદકે નીચે દર્શાવેલ શરતો અને બોલી બંધનકર્તા રહેશે.

૧. ખાતાએ માન્ય કરેલ ખેત ઓજાર/સાધનમાંથી ખેડૂત તેની જરૂરિયાત મુજબના ખેત ઓજાર/સાધન કોઈપણ પસંદગીના ઉપાદક/વિતરક પાસેથી ખરીદે ત્યારે ઉત્પાદક/વિતરકએ એમ્પેનલ થયેલ ભાવથી જ પુરા પાડવાના રહેશે. તેમજ સંપૂર્ણ વિગતે અચૂક બિલ આપવાનું રહેશે.

૨. ખાતાએ બહાર પાડેલ નિયત અરજીપત્રકમાં દર્શાવેલ શરતો અને બોલીનું પણ માન્યતા પ્રાપ્ત ઉત્પાદકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

3. ભારત સરકારશ્રીએ નિયત કરેલ ટેસ્ટ સેન્ટર દ્વારા ખેત ઓજાર/સાધનનું ટેસ્ટીંગ થયેલ મોડેલ અને ખાતાએ તેને માન્યતા આપેલ હોઈ તે મોડેલનું જ ઉત્પાદકે વિતરણ કરવાનું રહેશે.

૪. ઉત્પાદકે પોતાની માન્યતા મેળવેલ મોડેલમાં કોઈપણ સુધારા-વધારા કરશે તો તેની ફરી માન્યતા મેળવવાની રહેશે.

૫. માન્યતા પ્રાપ્ત ઉત્પાદકે માન્ય કરેલ ખેત ઓજાર/સાધન સમગ્ર રાજયમાં જે તે વર્ષ દરમિયાન જે તે સમયે એમ્પેનલ થયેલ ભાવથી જ વિતરણ કરવાનું રહેશે.

૬. માન્યતા પ્રાપ્ત ઉત્પાદકે સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ સહાયથી વિતરણ કરવાના ખેત ઓજાર/સાધન માટે વખતો-વખતનિયત થયેલ નિતી મુજબ અમલવારી કરવાની રહેશે. અને તે આ માન્યતાને બાધ રહેશે.

૭. સહાયનું ધોરણ જે તે યોજનાના ઠરાવ નિયત કર્યા મુજબનું જ રહેશે.

૮. વિતરણ કરવામાં આવતા ખેત ઓજાર/સાધનની ગુણવત્તા સ્પેશીફીકેશન કાર્યક્ષમતા વગેરેની ચકાસણી કરવા તથા કોઈપણ ઉત્પાદક હલકી/નબળી ગુણવત્તા નિયત સ્પેશીફીકેશન ન હોઈ તેવા ખેત ઓજાર/સાધન વિતરણ કરતા ધ્યાને આવે તો તે અંગે ત્વરિત ખેતી નિયામકશ્રીનું ધ્યાન દોરવાની તમામ જવાબદારી જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૯. માન્યતા પ્રાપ્ત ઉત્પાદક નબળી ગુણવત્તા નિયત સ્પેશીફીકેશન અને માન્ય કરેલ મોડેલ ન હોઈ તેવા ખેત ઓજાર / સાધનનું વિતરણ કરતા માલુમ પડશે. તો વિતરણ કરવાની કામગીરી બંધ કરાવવી તાત્કાલિક અસરથી માન્યતા રદ કરવી તેમજ અન્ય જરૂરી કોઈપણ કાર્યવાહી કરવાની તમામ સત્તા ખેતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરને રહેશે.

૧૦. સાધનના મુખ્ય ભાગ ઉપર કંપનીનું પુરૂ નામ અને સ્થળ ઈમ્બોઝ / ઈનગ્રીવઝ કરવાનું રહેશે.

૧૧. ભારતીય સ્ટાન્ડર્ડ મુજબ મોડેલ; સીરીયલ નંબર; મેન્યુફેકચરીંગ ઈયર; Hp જરૂરી સાથેની માર્કીંગ પ્લેટ લગાવવી.

૧૨. બીજો આદેશ ન થાય ત્યા સુધી આ માન્યતા અમલમાં રહેશે.

સહી/-
ખેતી નિયામક
ગુ. રા., ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૧૭.૦૩.૨૦૧૮

---

જા.નં.એલડબલ્યુઈ/ઈ-૮એ/સુખેઓસા/માન્યતા/ ૩૧૩૮ – ૮૭ /૨૦૧૮
ખેતી નિયામકશ્રીની કચેરી, 'કૃષિ ભવન',
સેકટર-૧૦ એ, ગાંધીનગર. તારીખ : ૧૯.૦૩.૨૦૧૮

પ્રતિ;
મે. આદિત્ય એગ્રીટેક કમ્પની, ૫/એ, રોટરી કલબની નીચે, જુના બસ સ્ટેંડ રોડ, ડીસા જિ. બનાસકાઠા – ૩૮૫ ૫૩૫ – તરફ જાણ સારૂ

ખેતી નિયામક
ગુ.રા.ગાંધીનગર, વતી

<u>નકલ સવિનય જાણ થવા રવાના:</u>

૧. ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ, નાગરીક પુરવઠા નિગમનું બિલ્ડીંગ, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૩. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય બીજ નિગમ લિ, બીજ ભવન, સેકતર-૧૦ એ, ગાંધીનગર
૪. બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂ.</u>

૧. સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)- અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ, જુનાગઢ
૨. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતની કચેરી, ખેતીવાડી શાખા, જિલ્લો:
3. ખાતાની આયોજન/આઈક્યુ/કોપ/તા.મુ./અંક શાખા તરફ અને
૪. આ શાખાની ઈ-૨ ટેબલ તરફ